
ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૫-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઐતિહાસિક વિજય

નરેન્દ્ર મોદીના નેતૃત્વ સામે એક યા બીજા બહાને આંગળી ચીંધનારા પક્ષના અને વિપક્ષના મહારથીઓ, પ્રકાંડ રાજકીય વિશ્લેષકો તથા સેફોલોજિસ્ટોની બોલતી બંધ થઈ જાય એવાં પરિણામો આપીને દેશની શાણી પ્રજાએ એના મિજાજનો પરચો બતાવી દીધો છે. એકસો ઓગણત્રીસ વર્ષ જૂની ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને એની કારકિર્દીની સૌથી કારમી હાર જોવાના દિવસો આવ્યા છે. ખુદ અડવાણી અને અરુણ જેટલી જેવા ભાજપના પ્રબુદ્ધ નેતાઓએ પણ કોંગ્રેસના આવા કરુણ રકાસની કલ્પના નહીં જ હોય. આવા ભવ્ય અને ઐતિહાસિક વિજયનું સંપૂર્ણ શ્રેય એક માત્ર નરેન્દ્ર મોદીના કુનેહ પૂર્વક આયોજિત કરેલા પ્રચારને જાય છે. અત્યાર સુધી વિશ્વની કોઈપણ લોકશાહીમાં આ વખતે નરેન્દ્ર મોદીએ એકલે હાથે ચલાવેલી પ્રચાર ઝુંબેશ જેવો માહોલ જોવા મળેલ નથી. એ દૃષ્ટિએ નરેન્દ્ર મોદી વિશ્વના 'નંબર-વન' 'ઈલેકશન માસ્ટર' તરીકે પણ દાયકાઓ સુધી યાદ રહેશે. માથે સતત મોતનો ઓછાયો ઓઢીને ભમતો એક ગુજરાતી ભાયડો એક સાથે કેટલા મોરચે લડ્યો છે, એ તો એના દિલને પૂછ્યે ખબર પડે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ ડગલેને પગલે વિઘ્નો નાખ્યાં, રિસામણાં મનામણાં ચલાવ્યાં, છતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આ પૂર્વ પ્રચારકને સુકાન સોંપવું પડ્યું અને એકલા હાથે નરેન્દ્ર મોદીએ પાર્ટીને પોતાની જ તાકાત પર, સાથી પક્ષોના સમર્થન વગર પણ સત્તા મેળવી શકે એટલી બેઠકો અપાવીને શબ્દના સાચા અર્થમાં દિગ્વિજય હાંસલ કર્યો છે. વાવાઝોડું સુનામીમાં ફેરવાઈ જવાની અમિત શાહની ભવિષ્યવાણી સાચી પડી છે. અલબત્ત, પ્રચાર ઝુંબેશ દરમિયાન ઘણી કડવી બાબતોને કારણે મોદી અને ગિરિરાજસિંહ જેવા એમના સમર્થકોને આકરી ટીકા પણ ખમવી પડી હતી. 'સોશિયલ એન્જિનિયરીંગ'માં મોદી અને અમિત શાહની જોડીએ કમાલ કરી બતાવ્યું અને ઉત્તર પ્રદેશ, બિહાર તથા આસામ જેવા પ્રદેશો કોંગ્રેસ સહિત તમામ રાજકીય વિરોધીઓનું નિકંદન કાઢીને દેશને એક નવી દિશા આપી છે. ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓ ઉપરાંત કોંગ્રેસની હારનું કારણ 'હિન્દુ હીરો' નરેન્દ્ર મોદીના નામે થયેલ ધ્રુવીકરણ પણ છે. આટલા મોટા વિજયને પચાવવા માટે ઘણું મોટું પેટ જોઈએ. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વિજયની હેટ્રિક લગાવીને એમની એ ક્ષમતાનો પરિચય આપી દીધો છે. મહારાષ્ટ્રમાં શરદ પવાર, બિહારમાં નીતીશકુમાર અને લાલુ યાદવ, ઉત્તરપ્રદેશમાં મુલાયમસિંહ અને માયાવતી સહિત કહેવાતા મહારથીઓને પડેલ ફટકો દર્શાવે છે કે દેશની પ્રજા એક એવા કરિશ્માઈ નેતૃત્વની શોધમાં હતો જે એના ભ્રષ્ટાચાર, મોંઘવાર, બેરોજગારી અને અસલામતી જેવા પ્રશ્નોનો કાયમી હલ આણી શકે. નહેરુ-ગાંધી પરિવાર પ્રત્યેના ભ્રમનિરસન પછી એવો નેતા સામી છાવણીમાંથી જ મળી શકે એમ હતો. વળી એવો નેતા જેને અંગત પરિવાર જેવું કંઈ નહોય, આખો દેશ જ એને મન કુટુંબ હોય, એની કાર્યદક્ષતા અને નિષ્ઠા શંકાથી પર હોય. નરેન્દ્ર મોદીમાં પ્રજાને આવા તારણહારનાં દર્શન થયાં છે એમ કેહવામાં લેશ પણ અતિશયોક્તિ નહીં થાય. પરિણામો ખુદ ભાજપના નેતાઓએ ક્યારેય નહોતી ધારી એવડી મોટી જીત મળતાં હવે નરેન્દ્ર મોદી એક દિવ્ય પુરુષ તરીકે પ્રસ્થાપિત થઈ જશે અને એમની આંખ મિલાવવાની પણ કોઈ હિંમત નહીં કરી શકે. કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાખવાની નરેન્દ્ર મોદીની ગણતરી સાચી પડી છે. નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને બે આંકડામાં સીમિત કરી દેવાની વાત કરેલી તે સાચી પડી છે. કદાચ નરેન્દ્ર મોદીને ખુદને પણ આવા ભવ્ય વિજયની અપેક્ષા નહીં હોય અને અડવાણી-સુષ્મા જેવાં એમના ટીકાકારો માટે તો પાર્ટીની આ વિક્રમસર્જક જીત અંગત રીતે પીડાજનક જ નીવડશે. સોનિયા ગાંધી જેટલી જ દુઃખી આ 'બેલડી' પણ હશે. નરેન્દ્ર મોદીને વડોદરામાંથી રેકોર્ડ બહુમતી મળી છે અને ગુજરાતે એના પનોતા પુત્રને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કરી દઈ એક નવા યુગનો પ્રારંભ કર્યો છે. મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે દરેકને 'અભય'નું વચન આપ્યું હતું. એ જ વચન તેઓ દેશને પણ આપશે એવી અપેક્ષા અસ્થાને નથી.

### હરિની દૃષ્ટિ...




## ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે હેટ્રિક લગાવી ચુક્યા છે

# મોદીએ સંઘમાં જોડાયા બાદ એક પછી એક સિદ્ધિ મેળવી

ગાંધીનગર, તા.૧૬

લોકસભાની ચૂંટણીમાં શાનદાર અને ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. ભારતના ૧૫માં વડાપ્રધાન તરીકેની જવાબદારી નરેન્દ્ર મોદી સંભાળનાર છે. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ભાજપે જાહેર કર્યા બાદથી જ મોદીએ દિન રાત એક કરીને ભાજપની લોકપ્રિયતાને ચરમસીમા ઉપર લઈ જવામાં સફળતા મેળવી હતી. આજ કારણસર આજે ભાજપને લોકસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતિ મળી ગઈ છે. મોદીએ ભાજપને દેશમાં ફરી સત્તામાં લાવતા પહેલા ગુજરાતમાં ત્રણ વખત સતત જીત અપાવવામાં ભૂમિકા ભજવી હતી. મોદી ભાજપ માટે મૂખ્ય વ્યૂહરચનાકાર તરીકે રહ્યા છે. જુદી જુદી જવાબદારી તેઓ ભાજપમાં સંભાળી ચુક્યા છે. ૧૯૯૫, ૧૯૯૮માં ચૂંટણીમાં પક્ષને જીત અપાવવામાં તેમની ભૂમિકા રહી હતી. મુખ્યમંત્રી તરીકે પણ મોદી ગુજરાતમાં હેટ્રિક નોંધાવી ચુક્યા છે. જુલાઈ ૨૦૦૭માં ગુજરાતના ઈતિહાસમાં તેઓ સૌથી વધારે સમય સુધી સેવા કરનાર મુખ્યમંત્રી બની ગયા હતા. મુખ્યમંત્રી તરીકે ચોથી વખત સેવા આપી રહ્યા છે. મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્ય સભ્ય તરીકે રહ્યા છે. મિડિયા, સ્કોલર્સ અને અન્યો મોદીને એક હિન્દુ નેતા તરીકે ગણે છે. મોદીએ પોતાની શક્તિશાળી છાપ ઉભી કરી છે જેના પરિણામ સ્વરુપે યુવા પેઢી પણ તેમની તરફ આકર્ષિત થઈ છે. તેમના વહીવટીતંત્રની ૨૦૦૨ની ગુજરાત હિંસા દરમિયાન ટિકા પણ થઈ હતી. આર્થિક નીતિઓના મામલે તેમની હંમેશા પ્રશંસા રહી છે.

નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦ના દિવસે ગુજરાતના મહેસાણા જિલ્લામાં વડનગરમાં પછાત ઘાંચી-તેલી પરિવારમાં થયો હતો. દામોદરદાસ મૂલચંદ મોદી અને તેમના પત્નિ હિરાબેનના તેઓ છ બાળકો પૈકીના ત્રીજા બાળક છે. તેઓએ વડનગર રેલવે સ્ટેશન ખાતે તેમના પિતાના ચા વેચવાના કામમાં મદદ પણ કરી હતી. તે વખતે તેઓ બાળક હતા. નાનપણમાં જ તેઓ બસ સ્ટેન્ડ નજીક તેમના ભાઈની સાથે ચાના સ્ટોલ પણ ચલાવી ચુક્યા છે. વડનગરમાં મોદીએ શિક્ષણ મેળવ્યું હતું. વડનગરમાં શિક્ષકો તેમને એક સરેરાશ વિદ્યાર્થી તરીકે ગણતા હતા. તેમને ફિલ્મોમાં ખુબ રસ હતો. મોદીના માતાપિતાએ તેમના બાળપણમાં લગ્ન નક્કી કરી દીધા હતા. ઘાંચી જાતિની પરંપરા મુજબ તેમના લગ્ન થયા હતા. તેમના જશોદાબહેન સાથે લગ્ન થયા હતા. મોદી ૧૮ વર્ષના થયા ત્યારે તેમના લગ્ન થઈ ગયા હતા. મોદી ૧૯૭૧માં ભારત પાકિસ્તાન યુદ્ધ બાદ આરએસએસમાં જોડાઈ ગયા હતા.





### મોદી પ્રોફાઈલ..

| | | |
|---|---|---|
| નામ | : | નરેન્દ્ર દામોદરદાસ મોદી |
| જન્મતારીખ | : | ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦ |
| જન્મસ્થળ | : | વડનગર, ગુજરાત |
| રાજકીય પાર્ટી | : | ભાજપ |
| પત્નિ | : | જશોદાબહેન |
| ધર્મ | : | હિન્દુ |
| સંઘમાં જોડાયા | : | ૧૯૭૧ |
| ભાજપમાં સામેલ થયા | : | ૧૯૮૫ |
| ભાજપના સેક્રેટરી ચૂંટાયા | : | ૧૯૮૮ (ગુજરાત એકમ) |
| ગુજરાતના મુખ્યમંત્રી બન્યા | : | ૭મી ઓક્ટોબર ૨૦૦૧ |
| મોદીના પૂર્વગામી | : | કેશુભાઈ પટેલ |
| વડાપ્રધાન બનશે | : | મે ૨૦૧૪ |
| પૂર્વગામી | : | મનમોહનસિંહ |



## આતશબાજી અને મિઠાઈઓનો દોર

## મોદીના ગામ વડનગરમાં ભવ્ય ઉજવણી શરૂ કરાઈ

નરેન્દ્ર મોદીના વતન ગામ વડનગરમાં જશ્નનો માહોલ જોવા મળી રહ્યો છે. નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦ના દિવસે ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગરમાં થયો હતો. પછાત ઘાંચી-તેલી પરિવારમાં તેમનો જન્મ થયો હતો. મોદીના નેતૃત્વમાં ભાજપે લોકસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદથી વડનગરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તમામ લોકો તેમના ગામના એક વ્યક્તિને વડાપ્રધાન તરીકે જોઈને ખુબ ખુશ છે. નવી આશા પણ જાગી છે. એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા બાદથી જ શાનદાર ઉજવણી ચાલી રહી હતી. આજે પણ ઉજવણીનો દોર જારી રહ્યો હતો. આ ઉજવણીનો દોર હજુ પણ ઘણા દિવસ સુધી ચાલુ રહે તેવી શક્યતા છે. મોદીના ગામમાં પણ ભાજપના કાર્યકરો ઉજવણીમાં લાગી ગયા છે.

## મોદી બાળપણમાં ચા પણ વેચી ચુક્યા છે

## ચા વાળાથી પીએમ સુધી યાત્રા

દેશના ૧૫માં વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળવા જઈ રહેલા નરેન્દ્ર મોદીનો ઈતિહાસ ખુબ રોમાંચક છે. નરેન્દ્રમોદીથી દરેક યુવા પેઢીને પણ બોધપાઠ લેવા જેવો છે. મોદીને પસંદ નહીં કરનાર લોકો પણ નરેન્દ્ર મોદીની મહેનતને સંપૂર્ણપણે સ્વિકારે છે. એક નાના અને ગરીબ પરિવારમાંથી ચા વેચીને પહેલા મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન પદ સુધી પહોંચનાર નરેન્દ્ર મોદી અનેક જુદી જુદી જવાબદારી ભાજપમાં સંભાળી ચુક્યા છે. ભાજપને ખરાબ તબક્કામાં પણ નિહાળી ચુક્યા છે. આજે મોદી ભાજપને દેશમાં લોકપ્રિયતાની ચરમસીમા ઉપર લઈ જવામાં અને સત્તામાં ફરી લાવવામાં સફળ રહ્યા છે. મોદીની ચા વાળાથી લઈને પીએમ સુધીની સફર નીચે મુજબ છે.

- નરેન્દ્ર મોદીનો ઘાંચી-તેલી સમુદાયમાં ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦માં જન્મ થયો
- મહેસાણાના વડનગરમાં મોદીનો જન્મ થયો હતો
- દામોદરદાસ મૂલચંદ મોદી અને તેમના પત્નિ હિરાબેનના છ બાળકો પૈકીના મોદી ત્રીજા નંબરના પુત્ર હતા
- વડનગર રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર ચા પણ વેચી ચુક્યા છે
- વડનગર રેલવે સ્ટેશન પર મોદી બાળપણમાં તેમના પતિને ચા વેચવામાં મદદ કરતા હતા
- મોદીના માતાપિતાએ બાળપણમાં તેમના લગ્ન ગોઠવી કાઢ્યા હતા
- પરંપરાગત ઘાંચી જાતિ મુજબ લગ્ન ગોઠવી દેવાયા બાદ તેમના જશોદાબહેન સાથે લગ્ન કરાયા હતા
- મોદી તેમના પત્નિ સાથે ખુબ ઓછા સમય સુધી રહ્યા અને તેઓએ અલગ જીવન જીવવાનો નિર્ણય કર્યો હતો
- લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરતી વેળા મોદીએ પત્નિ તરીકે જશોદાબહેનના નામનો ઉલ્લેખ કર્યો હતો
- ૧૯૭૦માં સંઘના પ્રચારક બની ગયા હતા
- આઠ વર્ષની વયથી આરએસએસ સાથે જોડાયેલા રહ્યા છે
- ભાજપના ગુજરાત રાજ્ય એકમની સ્થાપના કરનાર જનસંઘના નેતાઓના તેઓ સંપર્કમાં આવ્યા હતા
- મોદીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી
- ૧૯૭૧ના ભારત પાકિસ્તાનના યુદ્ધ બાદ વિધિવતરીતે આરએસએસમાં જોડાયા હતા.
- જયપ્રકાશ નારાયણ હેઠળ ઈમરજન્સી સામે ઝુંબેશમાં જોડાયા હતા
- ૧૯૮૫માં મોદીને સંઘે ભાજપમાં જવાબદારી સોંપી હતી
- મુરલી મનોહર જોશીની કન્યાકુમારી-શ્રીનગર એકતા યાત્રાના આયોજન બાદ મોદી લોકપ્રિય થયા
- ૧૯૮૮માં મોદી ભાજપના ગુજરાત એકમના ઓર્ગેનાઈઝ્ડ સેક્રેટરી ચુંટાયા અને આની સાથે જ મુખ્ય પ્રવાહની રાજનીતિમાં એન્ટ્રી થઈ હતી
- ૧૯૯૫ની ચૂંટણી જીતમાં તેમની ગુજરાતમાં ભૂમિકા હતી
- મે ૧૯૯૮માં ભાજપના જનરલ સેક્રેટરી તરીકેની જવાબદારી સોંપાઈ હતી
- ગુજરાતમાં ૧૯૯૮ની વિધાનસભા ચૂંટણી માટે પસંદગી સમિતિમાં તેમની ભૂમિકા રહી હતી
- ૨૦૦૧માં કેશુભાઈ પટેલની તબિયત ખરાબ થયા બાદ ભાજપે પેટાચૂંટણીમાં ખરાબ દેખાવ કર્યો હતો
- ૨૦૦૧માં ભૂકંપના કારણે ગુજરાતને નુકસાન થયું હતું જેથી ભાજપ માટે મોટી સમસ્યા ઉભી થઈ હતી
- આવી સ્થિતિમાં મોદીની કેશુભાઈ પટેલની જગ્યાએ મુખ્યમંત્રી તરીકે પસંદગી કરાઈ હતી
- ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા
- ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨માં ગોધરામાં અગ્નિકાંડના બનાવ બાદ મોદીની પ્રતિષ્ઠાને કોમી રમખાણના કારણે અસર થઈ હતી
- કોમી રમખાણમાં મોદીના શાસનમાં હજારો લોકોના મોત થયા હતા
- મોદી સામે માનવ અધિકાર સંગઠનો, વિરોધ પક્ષો દ્વારા હજુ પણ રમખાણ અંગે પ્રશ્નો ઉભા થાય છે
- કોમી રમખાણના કારણે ઘણા કેસો ગુજરાતની બહાર ખસેડવામાં આવ્યા હતા
- મોદી સામે ઘણા કેસો પણ કરાયા હતા
- ૨૦૧૨માં મોદીના કેટલાક પ્રધાનોને નરોડા પાટિયા હત્યાકાંડમાં અપરાધી ઠેરવવામાં આવ્યા હતા
- જુલાઈ ૨૦૦૭માં મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સૌથી વધુ સેવા કરવાનો રેકોર્ડ સર્જી કાઢ્યો હતો
- ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપે ૧૮૨ પૈકી ૧૨૨ બેઠક જીતી હતી
- ૨૦૧૨માં ભાજપે મોદીના નેતૃત્વમાં ફરી જીત મેળવી હતી
- મોદીએ મુખ્યમંત્રી તરીકે હેટ્રિક નોંધાવી હતી
- નિમણૂંકોના મામલે રાજ્યપાલ સાથે તેમના સંબંધોને લઈને ચર્ચા થઈ હતી
- ૨૦૧૨ની ચૂંટણીમાં મોદીએ મણિનગરમાંથી ૮૬૭૭૩ મતે જીત મેળવી હતી. ભાજપે આ ચૂંટણીમાં ૧૮૨ પૈકી ૧૧૫ બેઠકો જીતી હતી
- માર્ચ ૨૦૧૩માં મોદીની ભાજપ સંસદીય બોર્ડમાં નિમણૂંક કરવામાં આવી હતી
- ૧૦મી જૂન ૨૦૧૨ના દિવસે મોદી ભાજપને રાષ્ટ્રીય સ્તરની કારોબારી બેઠકમાં ૨૦૧૪ની ચૂંટણી માટે નેતૃત્વ કરવા તૈયાર થયા
- સપ્ટેમ્બર ૨૦૧૩માં મોદીને લોકસભાની ચૂંટણી માટે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરાયા હતા
- મોદી વારાણસી અને વડોદરા બેઠક પરથી ૨૦૧૪ની ચૂંટણીમાં જીતી ગયા છે

## પરિણામ જાહેર ન થતાં ૫૦ હજારની હાલત કફોડી બની

### મહિનાઓ બાદ પણ પરિણામ જાહેર ન થતાં ભારે મૂંઝવણ

અમદાવાદ, તા.૧૬

ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યકારી પરીક્ષા નિયામક દ્વારા ચાલતો પરીક્ષાનો વહીવટ દિન પ્રતિદિન કથળતો જાય છે. જેનાં કારણે પરીક્ષા લેવાયાના મહિનાઓ બાદ પણ પરીણામ જાહેર કરાતા નથી જેના કારણે વિદ્યાર્થીઓ ભારે મુંઝવણભરી હાલતમાં મુકાવવું પડે છે ત્યારે વિદ્યાર્થીઓ એક સૂરે સત્વરે પરીણામો જાહેર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા બીએ, બીકોમ, બીએસસી સહિતની વિદ્યાશાખાની વિવિધ વર્ષોની જૂના કોર્ષની એન્યુઅલ પેટર્નની પરીક્ષા ગત માર્ચ મહિનામાં લેવામાં આવી હતી આશરે ૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જો કે આ પરીક્ષા લેવાયે આજે બે મહિના જેટલો સમય વિતી ગયો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા આ પરીક્ષાના પરીણામો જાહેર કરવામાં આવ્યો નથી. જેના કારણે વિદ્યાર્થીઓ ભારે મુઝવણભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે. પરીણામ જાહેર ન થવાનાં કારણે અન્ય જગ્યાએ અભ્યાસ માટે કે નોકરી કરવા માટે અરજી કરવા માંગતા વિદ્યાર્થીઓ અરજી કરી શકતા નથી. જેના કારણે અનેક વિદ્યાર્થીઓનું વર્ષ બગડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે ત્યારે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાના પરીણામ સત્વરે જાહેર કરવામાં આવે તેવી વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં કાયમી પરીક્ષા નિયામકની ગેરહાજરી અને પૂરતા સ્ટાફના અભાવે પરીક્ષાલક્ષી કામગીરી કથળતી જાય છે. તેમાંય સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરાતા પરીક્ષા વિભાગ ઉપર કાર્યબોજ વધી રહ્યો છે જેનાં કારણે પરીણામો તૈયાર કરવામાં અને જાહેર કરવામાં વિલંબ થાય છે.

## શાળાના ખેલાડીઓનાં ભથ્થા વધારવાનો પ્રશ્ન અકબંધ છે

અમદાવાદ, તા.૧૬

ગુજરાત સરકારના રમતગમત વિભાગ દ્વારા શાળાકીય રમતગમત સ્પર્ધામાં ભાગ લેવા જતાં ખેલાડીઓને ભથ્થા પેટે ચુકવવામાં આવતી રકમ હાસ્યાસ્પ્ય છે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જતા જિલ્લા કક્ષાના ખેલાડીઓને દિવસ દરમિયાન ચા-નાસ્તા અને બે સમયના ભોજન માટે રૂપિયા ૯૦ની મર્યાદામાં ભથ્થું ચુકવાય છે. આ રકમમાં વધારો કરવા માટે રાજ્યના રમતગમત અને યુવક સેવા-સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા બે વર્ષથી સરકારમાં રજુઆત કરવામાં આવી છે પરંતુ તેમાં હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.ગુજરાત સરકાર દ્વારા રાજ્યના બાળકો ખેલકુદમાં ભાગ લે તે માટે રાજ્યમાં ખેલમહાકુંભ જેવા રમતોસ્વનું આયોજન કરવામાં આવે છે જ્યારે બીજી તરફ રાજ્યના રમતગમત અને યુવક સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા રાજ્યકક્ષાની યોજાતી રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા જતાં ખેલાડીઓને નામ માત્રની સુવિધાઓ આપવામાં આવે છે જેના લીધે ઘણી ઓછી સંખ્યામાં ખેલાડીઓ રમત-ગમત સ્પર્ધામાં ભાગ લેતા જોવા મળે છે. રાજ્યના રમતગમત અને યુવક સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા યોજાતી શાળાકીય રમત-ગમત સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને અપાતાં ભથ્થાની રકમ ઘણી જૂજ અને શરમજનક છે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જતાં જિલ્લાના ખેલાડીઓ અને ટીમને માત્ર એક શહેરથી બીજા શહેરમાં જવા માટે એસટી બસની મુસાફરીનું ખરેખર ભાડુ ચુકવાય છે. જો કે કોઈ ખેલાડી તેના ઘરેથી એસટી બસ સ્ટેશન સુધી રીક્ષામાં આવ્યો હોય તેનું અને જે શહેરમાં સ્પર્ધા હોય તેના એસટી બસ સ્ટેશનથી સ્પર્ધાસ્થળે પહોંચવા માટે કરાયેલ શિક્ષાનું ભાડુ ચુકવવામાં આવતું નથી. વિભાગનાં સુત્રો તરફથી મળતી માહિતી મુજબ ખેલાડીઓને સ્પર્ધા દરમિયાન ભથ્થા પેટે જે માત્ર રૂપિયા ૯૦ની ચુકવણી કરવામાં આવે છે જ્યારે રાત્રી રોકાણ કરવું પડે તેવી સ્થિતિમાં પથારી ભથ્થા તરીકે માત્ર રૂપિયા ૬ની ચુવકણી કરવામાં આવે છે જો કે ભોજન અને પથારી ભથ્થાની રકમ ખેલાડીઓને આપવામાં આવતી નથી. આ રકમ જે તે જિલ્લામાં યોજાઈ હોય તેના જિલ્લા રમતગમત અધિકારીને ફાળવવામાં આવે છે જિલ્લા રમતગમત અધિકારીઓ આ રકમમાંથી વ્યવસ્થા કરવાની હોય છે ખેલાડીઓને ભોજન ભથ્થા પેટે ચુકવાતી રકમ રૂપિયા ૯૦ને વધારીને રૂપિયા ૧૫૦ કરવા માટે રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા બે વર્ષ પહેલા સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવી છે.